# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


જા.નં.: બીકેએનએમયુ/સામાન્ય વિભાગ/ ૪૪ /૨૦૨૬ તા.: ૧૮/૦૫/૨૦૨૬

વિષય: માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત.
સંદર્ભ: (૧) રાજ્યપાલશ્રી નાં સચિવશ્રી ની કચેરી લોકભવનનાં પત્ર ક્રમાંક:No:GS/PS/4028/2026 Dt.12/05/2026

**પરિપત્ર :-**

ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ મોંઘુ હૂંડિયામણ ચૂકવીને વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડીઝલને લીધે દેશનાં અર્થતંત્ર પર થતી અવળી અસર નિવારવા ઇંધણ વપરાશમાં કરકસરનાં પગલાં લેવા અપીલ કરેલ છે.

જે પરત્વે સંદર્ભ (૧) થી માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલનું સન્માન કરીને રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં પણ ઇંધણ બચત અંગે વિવિધ પગલાં લેવામાં આવે, જેનાથી આપણા યુવાઓમાં રાષ્ટ્રભાવના અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ જશે.

માન.પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક ભવનનાં અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ, બિન શૈક્ષણિક કર્મચારીઓ, અધિકારીઓ અઠવાડિયામાં એક દિવસ સાઇકલ કે પગપાળા આવવા અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટનાં ઉપયોગ માટે સંકલ્પ લે અને અઠવાડિયામાં એક દિવસ "નો મોટર વ્હીકલ ડે" તરીકે નિષ્ઠાપૂર્વક પાળવા તદુપરાંત વાહનોના સહિયારા ઉપયોગ (કાર પુલિંગ) અને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા મીટીંગોનું આયોજન કરીને ઇંધણ બચત કરી શકાય.

કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોના વડાઓ
(૨) યુનિવર્સિટી સ્થિત તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ,ચેર્સ,એકમોનાં વડાઓ

નકલ સાદર રવાના :-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી